
# સાચની કિંમત



બલરામ સરસ મજાનો છોકરો હતો. જેવું નામ એવાજ એના ગુણ હતા. શરીરે હટ્ટોકટ્ટો , મજબૂત બાંધાનો, ઊંચો, ગોરો, સહુને ગમી જાય એવો હતો. ભણવામાં , રમવામાં નાચવા, ગાવામાં અને કામ કરવામાં પણ એક્કો હતો. શાળામાં એના શિક્ષકોને પણ એ ખૂબ ગમતો હતો. ચોથા ધોરણના એના વર્ગના વર્ગ શિક્ષકાબેન હતાં સપનાબેન , એમને પણ બલરામ ખૂબ ગમતો એ રોજ ડાહ્યો ડમરો થઈને ભણતો નિયમિત શાળામાં આવતો અને ગૃહકાર્ય પણ કરીને જ આવતો.

એક દિવસ સપનાબેને ગાંધીજીનો એ પાઠ શિખવ્યો જેમાં પૂ. ગાંધીબાપુના બાળપણની વાત હતી. તેઓ બાળપણથી જ સત્યના આગ્રહી હતા. સાચું જ બોલતા એમના શિક્ષકે એમને જ્યારે ઈન્સપેક્ષન આપ્યું ત્યારે Cattle શબ્દ નો સ્પેલિંગ બાજુવાળા વિદ્યાર્થી માંથી કોપી કરીને લખી લેવા કહ્યું ત્યારે એમણે (મોહનદાસ ગાંધીએ) એવું ન જ કર્યું. બદલામાં એમને ખૂબજ ઠપકો મળ્યો. એ બધું નાનકડા 'મોહને' સહી લીધું. પાછળથી એ જ 'સત્યાગ્રહ' એમને અંગ્રેજો સામે લડવાની હિંમત આપી. સપનાબેને આ વાત સમજાવવા માટે યુધિષ્ઠિર અને રાજા હરિશ્ચંદ્રનાં પણ ઉદાહરણ આપ્યાં. અને સમજાવ્યું કે હંમેશાં સત્ય જ બોલવું જોઈએ કયારેય પણ અસત્યનો સહારો લેવો ન જોઈએ.

બલરામ શાળાએથી ઘેર આવ્યો ત્યારે એના મગજમાં ઊથલપાથલ ચાલતી હતી. એણે પોતાના દાદાજી પાસે બેસીને પૂછયું. દાદાજી મારાં શિક્ષિકાબેને તો કહ્યું કે હંમેશા સાચુંજ બોલવું જોઈએ પણ અમે તો એવું નથી કરતા લેશન ખૂબ હોવાથી અડધું તો મારી બેન જ કરી આપે છે. અને મારા પ્રોજેક્ટ, રમકડાં આ બધું મમ્મી અને પપ્પા જ કરી આપે છે. પણ લખું છું. હું મારું નામ તો આ તો જૂઠ છે. સત્ય નથી. એમ કહી ને એણે વર્ગમાં શિખેલા પાઠની પૂરી વાત દાદાજી ને કહી.

દાદાજીએ બલરામને શિખામણ આપતાં કહ્યું. 'જો બેટા ! સત્યનું આચરણ અઘરું છે. પણ તારે સારા બનવું હોયતો કાલથી બધું ખરું ખરું બહેનને કહી દે જે. એજ સાચા વિદ્યાર્થીનાં લક્ષણ છે.

બીજા દિવસે સપનાબેન વર્ગમાં આવ્યાં ને તરત જ બલરામ ઊભો થયો. એણે બહેનને કહી દીધું બહેન દિવાળીનું જે ગૃહકાર્ય તમે આપેલું એમાંથી ઘણું ખરું મારી બહેને જ કર્યું હતું. એને મારા બધા જ પ્રોજેક્ટ અને ચાર્ટસ મારાં મમ્મી પપ્પા એજ બનાવેલાં મેં નહી. બહેન ને ખૂબ ગુસ્સો આવી ગયો. એવું છે ? તો તો તને શિક્ષા કરવી પડશે. તે કેમ જાતે તારું કામ ન કર્યું ? જા આજે અત્યારે જ તું ખૂણામાં ઊભો રહી જા. બલરામ કશું જ બોલ્યા ચાલ્યા વિના ખૂણામાં મોં રાખીને ઊભો રહી ગયો. એક બે ત્રણ તાસ ગયા. રીસેસ પડી , બધા છોકરા બલરામ ને રમવા બોલાવવા આવ્યા પણ બલરામ ન ગયો. છેક છેલ્લા તાસમાં ફરી પાછા સપનાબેન આવ્યાં , એમણે બલરામ ને દિવાલસામે મોં રાખીને ઊભેલો જોયો. એમને કાંઈક યાદ આવ્યું બલરામ કહે, હા બેન, તમે કહ્યું હતુ એટલે ઊભા તો રહેવું જ પડે ને ? બહેનની આંખમાં પાણી આવી ગયું. એ ઝટ્ટ બલરામ ને ભેટી પડયાં ને બોલ્યાં, અરે બેટા ! હું તો મારા કામમાં ભૂલી જ ગઈ પણ બીજા કોઈએ પણ તને બેસી જવા ન કહ્યું ? ચાલ હવે બેસી જા એ દિવસથી બલરામ સાચું જ બોલે છે. ભલે ગમે તેટલી કિંમત ચુકવવી પડે એ જૂઠું નથી જ બોલતો.

મિત્રો સત્ય આચરવું અઘરું છે પણ અશક્ય નથી.

ગાર્ગી ઠાકર